કેશ ટ્રાન્સફર સ્કીમ હજુ અવઢવમાં

નવી દિલ્હી,તા. ૧૫

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે સબસિડાઈઝડ લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી)ના ગ્રાહકો માટે આજથી ડાઈરેક્ટ કેશ ટ્રાન્સફર સ્કીમ શરૂ કરી દેવામાં આવી છે. દેશના કુલ ૧૧ રાજ્યોના ૫૪ જિલ્લામાં આ સ્કીમ પાયલોટ પ્રોજેક્ટના આધારે આજથી શરૂ કરવામાં આવી છે. સબસિડીના બોજને ઘટાડવા અને ગેરકાયદે પુરવઠાને રોકવાના હેતુસર આ સ્કીમ પ્રાથમિકરીતે ૧૧ રાજ્યમાં આજથી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં આંધ્રપ્રદેશ, દમણ અને દીવ, ગોવા, હિમાચલપ્રદેશ, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પોન્ડીચેરી, પંજાબ અને તેલંગાણાનો સમાવેશ થાય છે. સરકારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, પ્રથમ તબક્કામાં ૫૪ જિલ્લાઓમાં ડીબીપીએલ યોજના નવીરીતે શરૂ કરવામાં આવી છે. પહેલી જાન્યુારી ૨૦૧૫થી આ યોજનાને સમગ્ર દેશમાં લાગૂ કરવામાં આવશે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે, ડીઝલ સબસિડીને નાબૂદ કરવામાં આવ્યા બાદ સરકાર ખુબ જ આશાવાદી છે. ડીઝલ સબસિડી ૬૮૮૩૭ કરોડ સુધી પહોંચી ગઈ હતી. ધર્મેન્દ્ર પ્રધાને હવે ઓઈલ કંપનીઓને એવી ખાતરી કરવા કહ્યું છે કે પાયલોટ હેઠળ શરૂ કરવામાં આવેલી આ સ્કીમથી લોકોને તમામ રાહત મળે. પહેલી જાન્યુઆરીથી દેશભરમાં આને અમલી બનાવવામાં આવનાર છે. યુપીએ સરકારે સૌથી પહેલા આ સ્કીમને લાગૂ કરવાની તૈયારી કરી હતી. આ હેઠળ ૨૯૧ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા હતા. આમા ગ્રાહકોને એલપીજી સબસિડી મેળવવા માટે આધાર નંબર આપવાની જરૂર હતી. જો કે, સુપ્રીમ કોર્ટે વાંધો ઉઠાવતા ગુંચવણભરી સ્થિતિ ઉભી થઈ હતી. અગાઉની

મનમોહનસિંહ સરકારે જૂન ૨૦૧૩માં મહત્વકાંક્ષી યોજના શરૂ કરી હતી પરંતુ ગયા વર્ષે અદાલતી આદેશો બાદ તેના ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. સરકારના આદેશ બાદ આ યોજનામાં સુધારો કરવામાં આવ્યો છે. રોકડ સબસિડી મેળવવા માટે આધારને ફરજિયાતની બાબતને ખતમ કરી દેવામાં આવી છે. આ તમામ જગ્યાએ હવે ગેસના ગ્રાહકોને તેમના બેંક ખાતામાં સીધી રીતે સબસિડીની રોકડ રકમ જમા થશે. આનો મતલભ એ થયો કે ગ્રાહકને હવે માર્કેટ કિંમતે સિલિન્ડરની ખરીદી કરવી પડશે. ત્યારબાદ તેમના બેંક ખાતામાં સબસિડીની રકમ જમા કરાશે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે માર્કેટ કિંમત અને સબસિડીના રેટ વચ્ચે અંતરની રકમ ગ્રાહકના બેંક ખાતામાં જમા કરવામાં આવનાર છે. સ્કીમમાં જોડાઈ ગયા બાદ સિલિન્ડર માટે પ્રથમ બુકિંગ કરાવ્યા બાદ જે તે ગ્રાહકના બેંક ખાતામાં સબસિડીની રકમ જમા થશે. સિલિન્ડરની ડિલિવરી લઈ લેવામાં આવ્યા બાદ અન્ય એડવાન્સ રોકડ રકમ બેંક ખાતામાં જમા કરવામાં આવનાર છે. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અગાઉ આ સ્કીમમાં સામેલ થઈ ગયેલા ગ્રાહકને વધારે નવી કોઈ પ્રક્રિયા હાથ ધરવાની જરૂર નથી. આની ખાતરી કરવા માટે તે તેમની સીટીસીમાં ચકાસણી કરી શકશે. સીટીસી માટે નોંધણી નહી કરાવનારને ત્રણ મહિના માટે ગ્રેસ પિરિયડ આપવામાં આવનાર ચે. જે દરમિયાન તેમને સબસિડીના રેટ પર સિલિન્ડર આપવામાં આવનાર છે. ગાળો પૂર્ણ થઈ ગયા બાદ તેમને વધારાના ત્રણ મહિના પાર્કિંગ પિરિયડના અપાશે. જેમાં તેમને માર્કેટ કિંમતથી સિલિન્ડરની ખરીદી કરવી પડશે. તબક્કાવાર રીતે દેશભરમાં સ્કીમ અમલી બનશે.

કાળા નાણાને પરત લાવવાને પ્રાથમિકતા : મોદી

બ્રિસ્બેન-નવીદિલ્હી,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, વિદેશોમાં જમા કાળા નાણાને પરત લાવવાને તેમની સરકાર ઉચ્ચ પ્રાથમિકતા આપે છે. આ ઉદ્દેશ્યને હાસલ કરવા માટે આંતરરાષ્ટ્રીય સહકારની જરૂર છે. જી-૨૦ શિખર બેઠક પહેલા ઉભરતા અર્થતંત્રવાળા પાંચ દેશોના ગ્રુપ બ્રિક્સના નેતાઓ સાથે અનૌપચારિક વાતચીત દરમિયાન તેઓએ આ મુજબની વાત કરી હતી. ઉભરતા અર્થતંત્રવાળા પાંચ દેશોના ગ્રુપ બ્રિક્સમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. મોદીએ બ્રિક્સ નેતાઓને કહ્યું હતું કે, વિદેશોમાં જમા કાળા નાણાને પરત લાવવાની તેમની સરકારની પ્રાથમિકતા છે. વિદેશોમાં જમા કાળા નાણાના મુદ્દા પર મોદીએ વધુ સારા સહકારની વાત કરતા કહ્યું હતું કે, આ કાળા નાણાના સંબંધ સુરક્ષા પડકારો સાથે પણ રહેલા છે. ભારત કાળા નાણાની વાપસી માટે સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાન મોદી પહેલાથી જ સ્પષ્ટતા કરી ચુક્યા છે કે, તેમના માટે વિદેશોમાં જમા કાળા નાણાની વાપસી માટે વધુ સારા સહકારની જરૂર છે. જી-૨૦ શિખર બેઠકમાં યજમાન દેશ ઓસ્ટ્રેલિયાએ ટેક્સ ચોરી પર કાયદાકીય કાર્યવાહીને લઈને કઠોર વલણ અપનાવ્યું હતું. ભારત પણ આ સંબંધમાં ટેક્સ ચોરી કરનારને આશરો આપનાર દેશની સામે કાર્યવાહી કરવાની તરફેણમાં છે. મોદીએ કહ્યું હતું કે, તેમનામાં મુખ્ય મુદ્દો કાળા નાણાની સામે આંતરરાષ્ટ્રીય સહકારનો રહ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, કાળા નાણાની વાપસી માટે કરચોરોને આશરો આપનાર દેશો પર દબાણ લાવવામાં સફળતા મળશે. ભારતની મદદ માટે વધારે માહિતીનો ખુલાસો કરવા પણ રજૂઆત કરવામાં આવી હતી. મોદી ઉપરાંત ચીની વડાપ્રધાન શી જિનપિંગ, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન, દક્ષિણ આફ્રિકાના પ્રમુખ જેકબ જુમા અને બ્રાઝિલના પ્રમુખ દિલ્મા રોસેફ એવા નેતાઓમાં સામેલ છે જે લોકોએ આ અનૌપચારિક વાતચીતમાં ભાગ લીધો હતો. દરમિયાનમાં વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા સૈયદ અકબરુદ્દીને કહ્યું હતું કે, બ્રિક્સ દેશોના નેતાઓ સમક્ષ મોદીએ આ મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું હતું કે, બિનહિસાબી નાણાને પ્રાથમિકતા અપાશે. મોદી જી-૨૦ શિખર બેઠકમાં ભાગ લેવા માટે પહોંચી ગયા હતા જેમાં ૨૦ દેશોના વડાઓ ઉપસ્થિત રહેનાર છે જેમાં અમેરિકી પ્રમુખ ઓબામા પણ સામેલ છે. જાપાની વડાપ્રધાન સિન્ઝોએ જી-૨૦ શિખરના ભાગરુપે ડિનરનું આયોજન કર્યુ હતું. મોદી જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેનાર છે જેમાં તેઓ સિડની પણ જશે જ્યાં ભારતીય સમુદાયના રિસેપ્શનમાં ભાગ લેશે. ભારતીયોને મળશે. મોદી કેનબેરા જશે જ્યાં ઓસ્ટ્રેલિયન સંસદના સંયુક્ત સત્રને ૧૮મીએ સંબોધશે. મેલબોર્નમાં ભારતીય લોકોને પણ મળનાર છે. બ્રિક્સ બેઠકમાં મોદીએ રોજગારી સર્જવા, ક્લાઈમેટ ચેંજ અને સુધારા ઉપર ભાર મુક્યો હતો. બંધબારણે બ્રિક્સ બેઠક યોજાઈ હતી.

બીસીસીઆઈ દ્વારા મહત્વપૂર્ણ મિટિંગ બોલાવાઈ

આઈપીએલ ફિક્સિંગ : ૧૮ નવેમ્બરે ઈમરજન્સી મિટિંગ

નવીદિલ્હી,તા. ૧૫

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડની ઈમરજન્સી વર્કિંગ કમિટિની બેઠક ૧૮મી નવેમ્બરના દિવસે યોજાનાર છે જેમાં વાર્ષિક સામાન્ય બેઠકના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ચાર સપ્તાહ સુધી આ મિટિંગને મોકૂફ રાખવાનો હાલમાં જ નિર્ણય લેવાયો હતો. કારણ કે, સુપ્રીમ કોર્ટ દ્વારા આઈપીએલ સ્પોટ ફિક્સિંગ કૌભાંડમાં એન શ્રીનિવાસનનું નામ જાહેર કર્યુ હતું. આ બેઠક ચેન્નાઈમાં યોજાય તેવી શક્યતા છે. એજીએમને મોકૂફ રાખવા બીસીસીઆઈની હિલચાલ સંકેત આપે છે કે, બોર્ડ શ્રીનિવાસનને લઈને ખુબ જ દુવિધાભરી સ્થિતિમાં છે. શુક્રવારના દિવસે બીસીસીઆઈના પૂર્વ પ્રમુખ શશાંક મનોહરે ધ્યાન દોર્યુ હતું કે, બીજી વાર બેઠક મોકૂફ રાખવાની બાબત ગેરબંધારણીય છે. મનોહરે કહ્યું હતું કે, એજીએમની બેઠકને મોકૂફ રાખવા બોર્ડને કોઈ સત્તા નથી. કારણ કે, કારોબારી સમિતિ દ્વારા નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. એજીએમની તારીખ એક વખતે કારોબારી કમિટિ દ્વારા નક્કી કરી લેવામાં આવ્યા બાદ આ બેઠકને મોકૂફ કરી શકાય નહીં અને તેમાં બોર્ડના હોદ્દેદારો સુધારા પણ કરી શકે તેમ નથી. બોર્ડને સત્તા નથી. આઈપીએલ સ્પોટ ફિક્સિંગ કેસમાં સુનાવણી પુનઃ શરૂ કરતા સુપ્રીમ કોર્ટે ગઈકાલે ચાર નામ જાહેર કર્યા હતા જેમાં જસ્ટિસ મુદગલ કમિટિ દ્વારા તપાસ કરવામાં આવી ચુકી છે. મોટા નામના આઈસીસીના વડા એન શ્રીનિવાસન, તેમના જમાઈ ગુરુનાથ મયપ્પન, રાજસ્થાન રોયલ્સના સહમાલિક રાજ કુન્દ્રા, પૂર્વ આઈપીએલ સીઈઓ સુંદર રામનનો સમાવેશ થાય છે. ત્રણ સક્રિય ખેલાડીઓના નામનો પણ ઉલ્લેખ છે પરંતુ તેમના નામ જાહેર કરાયા નથી. ૨૪મી નવેમ્બરના દિવસે મામલામાં વધુ સુનાવણી હાથ ધરાશે.

કૃણાલ ઘોષને મળવાના મુદ્દે હિંસા

બંગાળમાં પત્રકારો અને પોલીસ વચ્ચે અથડામણ

કોલકાતા,તા. ૧૫

પશ્ચિમ બંગાળમાં પત્રકારો અને પોલીસ વચ્ચે આજે જોરદાર અથડામણ થઇ હતી. તૃણમુલ કોંગ્રેસના સસ્પેન્ડ કરવામાં આવેલા સાંસદ અને શારદા કૌભાંડમાં આરોપી કૃણાલ ઘોષને મેડિકલ ટેસ્ટ માટે શેઠ સુખલાલ કર્ણ મેમોરિયલ હોસ્પિટલમાંથી બેંગગુર ઇન્સ્ટીટ્યુટ ઓફ ન્યુરોલોજીમાં લઇ જવાતા આ અથડામણની શરૂઆત થઇ હતી. પત્રકારો કૃણાલ ઘોષ સાથે તેમની પ્રતિક્રિયા લેવા ઇચ્છુક હતા. ઘોષને લઇ જવામાં આવી રહ્યા હતા ત્યારે મોટી સંખ્યામાં પોલીસ જવાનો હોસ્પિટલની આસપાસ ગોઠવવામાં આવ્યા હતા. કોઇને પણ અંદર જવાની મંજુરી અપાઈ ન હતી.

લાઠીચાર્જ પણ કરવામાં આવ્યો હતો જેમાં કેટલાક પત્રકારોને ઇજા થઇ હોવાના અહેવાલ મળ્યા છે. શુક્રવારના દિવસે જેલમાં આત્મહત્યાનો પ્રયાસ કરતા ઘોષને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઉંઘની ગોળીઓ ખાઈ જવાના કારણે તેમની હાલત કફોડી થઇ હતી. અગાઉ ઘોષે આત્મહત્યા કરવાની ધમકી પણ આપી હતી. આ કેસમાં સામેલ લોકોને તરત પકડી પાડવાની માંગણી તેમના દ્વારા કરાઈ હતી.

વધારે વેચાનાર ૧૦૦ દવા સસ્તી કરવાનો તખ્તો તૈયાર

દેશમાં ટેન્શન, એચઆઈવી, હાઈપરટેન્શન, મ્યુમોનિયા સહિતના રોગની દવાઓ વધુ સસ્તી થશે : લોકોને રાહત

નવીદિલ્હી,તા. ૧૫

ટેન્શન, હાઈપરટેન્શન, એચઆઈવી, પીડા અને ન્યુમોનિયાની સારવારમાં વધારે વેચાનાર બ્રાન્ડની દવાઓ ટુંક સમયમાં સસ્તી થવાની શક્યતા છે. કારણ કે દવાના વેચાણને રેગ્યુલેટ કરનાર સંસ્થા નેશનલ ફાર્માસુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી ઓછામાં ઓચી ૧૦૦ દવાની કિંમતો સસ્તી કરવાની યોજના ધરાવે છે. દાખલાતરીકે હાલમાં પેરાસિટામોલ માટે એક જ બ્રાન્ડ કિંમત નિયંત્રણ હેઠળ આવે છે. જ્યારે એનપીપીએ ભારતીય ફાર્માકોપિયામાં લિસ્ટેડ આ દવાની તમામ બ્રાન્ડની કિંમતોને અંકુશમાં લેવાનો નિર્ણય કર્યો છે. આવી જ રીતે એચઆઈવીની સારવારમાં સામાન્ય રીતે ઉપયોગ કરવામાં આવતી નેલફિનાવિર અને રિટોનવિરના મામલામાં રેગ્યુલેટર કેપસ્યુલની સાથે સાથે ટેલબેટની કિંમતોને નિયંત્રિત કરવાની યોજના ધરાવે છે. ઓથોરિટીના પગલા મહત્વપૂર્ણ છે. કારણ કે બીજી વખત એનપીપીએ રાષ્ટ્રીય મહત્વની દવાની યાદી અને ૨૦૧૧ની હદની બહારની દવાઓની કિંમતને ઘટાડવાના પ્રયાસમાં થછે. મે મહિનામાં ઓથોરિટી દ્વારા ૧૦૮ દવાની કિંમતમાં ઘટાડો કરવા માટે એક જનહિત કોલમ અમલી કરી હતી. સુત્રોએ કહ્યું છે કે કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના કારણે આ મામલે રાજકીય સહમતિ છ. હાલમાં સરકાર સરકાર દવાની યાદી ૨૦૧૧માં લિસ્ટેડ દવાના ૩૪૮ બ્રાન્ડ અતવા તો ૬૫૨ પૈકની કિંમતોને નિયંત્રિત કરે છે. તેમાં પમ ખાસ કરીને બ્રાન્ડ અને કોમ્બિનેશન જ સામેલ છે. નવા પગલાનો હેતુ મુલ્ય નિયત્રણની હદને વદારીને સામાન્યરીતે ઉપયગ થનાર વધારે વેચાનાર દવાને રાહતમાં લાવવાનો છે. ઓથોરિટીની આ પહેલથી દવા કંપનીઓમાં ખળભળાટ મચી ગયો છ. દવા કંપનીઓમાં નવા નિયમના કારણે પોતાના લાભના માર્જિનને લઈને ચિંતા સતાવી રહી છે. કેટલીક દુવિધાભરી સ્થિતી પણ સર્જાઈ રહી છે.

સાયના નેહવાલ ચાઈના ઓપનની ફાઈનલમાં પ્રવેશી

ફુઝુઓ ,તા. ૧૫

ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્ર જીતનાર સાયના નેહવાલ પ્રથમ વખત ચાઈના ઓપનનો તાજ જીતવાની તૈયારીમાં છે. સાયના નેહવાલ આજે ફાઈનલમાં પહોંચી ગઇ હતી. ૭૦૦૦૦૦ ડોલરની સુપર સિરીઝ પ્રિમિયર ટુર્નામેન્ટની ફાઇનલમાં સાયના નેહવાલે કૂચ કર્યા બાદ ભારતીય બેડમિંટન ચાહકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. આ પ્રતિષ્ઠાજનક સ્પર્ધામાં સાયના નેહવાલ છઠ્ઠી વખત પહોંચી છે. સાયનાએ જોરદાર દેખાવ કરીને ચીનની વિશ્વની ૧૭મી ક્રમાંકિત ખેલાડી લીઉ ઉપર ૨૧-૧૭, ૨૧-૧૭થી જીત મેળવીને ફાઈનલમાં કૂચ કરી હતી. આ મેચ હેક્સિયા ઓલિમ્પિક સ્પોર્ટ્સ સેન્ટર ખાતે ૪૭ મિનિટ સુધી ચાલી હતી.

વિશ્વની પાંચમી ક્રમાંકિત ખેલાડી સાયના નેહવાલે હવે આ ટાઇટલ જીતવા માટે કમરકસી લીધી છે. તે કોરિયાની બાઈયોન અથવા તો જાપાનની આકને પૈકી કોઇ એક સામે ટકરાશે. ફાઇનલ મેચ આવતીકાલે રમાનાર છે. સાયના નેહવાલે શરૂઆતથી જ આક્રમક રમત રમીને પોતાની હરીફ ખેલાડી ઉપર લીડ મેળવી લીધી હતી. બીજી ગેમમાં લીઉએ વાપસી કરવાનો પ્રયાસ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સાયના નેહવાલ છેલ્લે ઓસ્ટ્રેલિયન સુપર સીરીઝમાં ફાઈનલમાં પહોંચી હતી જ્યાં તે સ્પેનની કેરોલિના મારિનને હાર આપીને ટાઇટલ જીતવામાં સફળ રહી હતી. સાયના નેહવાલે સૈયદ મોદી ઇન્ટરનેશલ ગ્રાન્ડ પીક્સ ગોલ્ડમાં પણ આ વર્ષની શરૂઆતમાં જીત મેળવી હતી. ચાઈના ઓપનમાં ફાઇનલમાં પહોંચ્યા બાદ લાખો ભારતીયો બેડમિંટન ચાહકોમાં ઉત્સુકતા પ્રવર્તી રહી છે. ભારતીય બેડમિંટન ચાહકો માની રહ્યા છે કે, સાયના તેની આગેકૂચને જાળવી રાખવામાં સફળ રહેશે અને શાનદાર જીત મેળવશે. આજની રમત જોતા તેની જીત નિશ્ચિત દેખાઈ રહી છે.

પોકમાં પાકિસ્તાનના અનેક જવાનોને ચીન દ્વારા તાલીમ

નવી દિલ્હી,તા. ૧૫

ભારતીય સુરક્ષા સંસ્થાઓ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ચીનના જવાનો હાલમાં જમ્મુ કાશ્મીરમાં ભારત અને પાકિસ્તાનની સરહદ પર પાકિસ્તાની બાજુએ તેના જવાનોને ટ્રેનિંગમાં વ્યસ્ત છે. બીએસએફના ગુપ્તચર અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. અહેવાલમાં દાવો કરાયો છે કે રાજોરી સેક્ટરના આંતરરાષ્ટ્રીય સરહદની પેલે પાર ચીની જવાનો પાકિસ્તાની જવાનોને ટ્રેનિંગ આપી રહ્યા છે. હથિયાર અને અન્ય ટેકનિકલ ટ્રેનિંગ અપાઈ રહી છે. ચીની જવાનો ટ્રેનિંગ આપતા નજરે પડી ચુક્યા છે. આ કવાયત પાકિસ્તાનના અગ્રીમ સંરક્ષણ સ્થળ પર ચાલી રહી છે. એવુ પણ જાણવા મળ્યું છે કે શ્રીગંગાનગર સેક્ટરના પેલે પાર પણ કેટલાક પાકિસ્તાની લશ્કરી યુનિટે ચોકીઓ પર રેજર્સની જગ્યા લઈ લીધી છે. એટલુ જ નહી પંજાબના અબોહર અને ગુરદાસપુર સેક્ટરની નજીક પાકિસ્તાને નવા વોચ ટાવર સ્થાપિત કર્યા છે. સરહદ પર વાતચીત મારફતે સંકેત મળ્યા છે કે પાકિસ્તાની સેના અને રેજર્સ ભારતીય સેનિકો અને સંપત્તિને ટાર્ગેટ બનાવવા માટે વ્યુહાત્મક સ્થવો પર તેમજ ચોકીઓ પર શાર્પ શુટરો ગોઠવવાની યોજના ધરાવે છે.

કેજરીવાલને ઉતારવા માટેની જાહેરાત જોરદાર રીતે કરાશે

નવી દિલ્હી ,તા. ૧૫

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીને લઇને તમામ રાજકીય પક્ષો તૈયારીમાં લાગેલા છે. આમ આદમી પાર્ટી પણ લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ સફાયો થયા બાદ તેની દિલ્હીમાં નવી વ્યુહરચના પર ચર્ચામાં વ્યસ્ત છે. પાર્ટી દ્વારા ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દેવામાં આવી છે. પરંતુ આ યાદીમાં પક્ષના વરિષ્ઠ નેતા અરવિન્દ કેજરીવાલ

અને મનીશ સિસોદિયાના નામ આવ્યા નથી. આની પાછળ કોઇ વિવાદ નથી બલ્કે નવી યોજના છે. પાર્ટી ધુમધામ સાથે નવી દિલ્હીની બેઠક પરથી કેજરીવાલની ઉમેદવારી જાહેર કરવા માંગે છે. મુખ્યપ્રધાન તરીકે કેજરીવાલના નામની જાહેરાત શાનદારરીતે કરવાની યોજના છે. આ જ કારણસર તેમના નામની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. લોકસભાની ચૂંટણી દરમિયાન પોતાના કાર્યકરોની અવગણના કરવાના આરોપ અને કેટલીક જગ્યાએ કાર્યકરો દ્વારા ખુલ્લા રીતે બળવાના કારણે એએપીનો સંપૂર્ણ સફાયો થયો હતો. પરંતુ હવે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં તે સાવધાનીપૂર્વક આગળ વધવા માંગે છે. આ વખતે એએપી દ્વારા ઉમેદવારોની પસંદગી કરવાની નિતીમાં કેટલાક ફેરફાર કર્યા છે. પાર્ટી આશરે ૫૦ ટકા સીટ પર આ વખતે નવા ઉમેદવારોને મેદાનમા ઉતારવા માટેની યોજના ધરાવે છે. એએપી દ્વારા હાલમાં જ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. આ વખતે ભાજપ અને કોંગ્રેસ બન્ને તેમના મુખ્યપ્રધાનપદના ઉમેદવાર જાહેર નહી કરીને મેદાનમાં ઉતરનાર છે. જેથી એએપી તેનો સંપૂર્ણ લાભ લેવા માંગે છે. કેજરીવાલને પ્રજા વચ્ચે પાર્ટીના ચહેરા તરીકે રજૂ કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે જેના લીધે એક અલગ કાર્યક્રમમાં કેજરીવાલના મુખ્યપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેરાત કરવામાં આવનાર છે. કાર્યક્રમ ક્યારે યોજાશે તેની જાહેરાત ટુંક સમયમાં કરાશે.

મોદીની ચીનના પ્રમુખ જિનપિંગની સાથે ચર્ચા

બ્રિસ્બેન,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે ચીની પ્રમુખ શી જિનપિંગને મળ્યા હતા. આ ગાળા દરમિયાન મોદીએ ચીની સૈનિકો દ્વારા પાકિસ્તાની સૈનિકોને ટ્રેનિંગ આપવાનો મુદ્દો ઉઠાવ્યો ન હતો. જમ્મુ કાશ્મીરમાં ભારત પાકિસ્તાન સરહદ નજીક ચીની સૈનિકો હાલ ટ્રેનિંગ આપી રહ્યા હોવાના અહેવાલ મળ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અકબરુદ્દીને પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, મોદીએ આ જટિલ મુદ્દો ઉઠાવ્યો ન હતો. એનએસએ દ્વારા ઉઠાવવામાં આવેલા આવા કોઈ મુદ્દા તરફ મોદીએ ધ્યાન દોર્યું ન હતું. એનએસએ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. મિડિયા અહેવાલને લઈને મુદ્દો ઉઠાવવાની જરૂર નથી. બીજી બાજુ મોદીએ અન્ય દેશોના વડાઓ સાથે પણ વાતચીત કરી હતી. મોદી સાઉદી અરેબિયાના યુવરાજ તથા કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પરને મળ્યા હતા. ઉપરાંત અમેરિકી પ્રમુખ બરાક ઓબામા અને જાપાની વડાપ્રધાન સાથે પણ વાતચીત કરી હતી.

સમાચાર ઝલક

- **આધુનિક પૃથ્વી-૨ મિસાલઈનું ફરી વખત સફળ પરીક્ષણ.**
- **અલીગઢ મુસ્લિમ યુનિ. ગ્રંથાલયનો વિદ્યાર્થીની ઉપર પ્રતિબંધને લઈને ભારે વિવાદ.**
- **આઠ વર્ષનો ભારતીય મુળનો ટેણિયો રૂબિન પોલ સાયબર સુરક્ષા વિશે પ્રવચન આપશે.**
- **ઓનલાઈન ખરીદી મોંઘી થવાના એંધાણ-ટેક્સ વસુલવાની વિચારણા.**
- **લોકપ્રિય ફિલ્મ અભિનેત્રી દિપીકાએ પોતાની ફીમાં વધારો કર્યો.**
- **વિદેશી બેંકમાં ખાતા ધરાવતા ગુજરાતી પંકજ લોઢિયા સામે વિવિધ ખાતાઓએ તપાસ શરુ કરી.**
- **મહારાષ્ટ્રમાં મરાઠી મુસ્લિમો માટે અનામત સામે હાઈકોર્ટનો સ્ટે.**
- **નહેરૂ એ કોઈ કુટુંબની મિલકત નથી-શ્રીમતી મેનકા ગાંધી.**
- **બ્રિટનમાં અભ્યાસ માટે સીબીએસઈનો ૧૦+૨ કોર્ષ માન્ય ગણાશે.**
- **ધોલેરા દેશનું પ્રથમ સ્માર્ટ સીટી બનવાનું ગૌરવ મેળવશે.**
- **ભારતમાં ૬ કરોડથી વધુ મધુપ્રમેહના દર્દીઓ.**
- **ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં ૨૧૦ મીટરના ૭૦ માળની ઉંચાઈવાળુ રાધા-કૃષ્ણનું મંદિર બનશે.**
- **બળાત્કાર પ્રકરણમાં કેન્દ્રીય મંત્રી શ્રી નિહાલચંદ મેઘવાલને પોલીસ સમન્સ બતાવી શકતી નથી.**